ઈસ્લામી સંસ્કૃતિમાં સામૂહિક સહયોગ અને મામલાઓ

ઈસ્લામે ખૂબ જ અગત્યનો કાનૂન બનાવ્યો છે, જે મુસલમાનો દરમ્યાન સામૂહિક ન્યાય અને સમાનતાને યથાવત રાખે છે, પરસ્પર પ્રેમ અને ભાઈચારો, દયા, સહકાર અને ત્યાગની ભાવનાને બળવત્તર બનાવે છે. મુસલમાનોમાં સામૂહિક સહયોગને ઉપયોગી બનાવવા માટે ધન-સંપત્તિની ખૂબ મહત્ત્વની ભૂમિકા રહેલી છે. ઈસ્લામ તવંગરીનો વિરોધી નથી અને ન તો ધનવાનોના ધનને ઓછું કરે છે, જો આ ધન-દોલત હલાલ (વૈધ) પદ્ધતિથી કમાવવામાં આવી હોય અને તેમાંથી અલ્લાહનો હક્ક અદા કરી દેવામાં આવ્યો હોય.

ઈસ્લામમમાં ઘણા આદેશો ઝકાત અને સદકાત (ઐચ્છિક દાન-સખાવત)થી સંલગ્ન છે અને આ બધા આદેશો મુસલમાનોમાં પ્રેમ અને સ્નેહ તેમજ પરસ્પર સહયોગની ભાવનાને ફેલાવવાનું કામ કરે છે.

ઝકાત-સદકાત અદા કરીને વ્યક્તિ પોતાની ધન-સંપત્તિને શુદ્ધ કરે છે, પોતાના ગરીબ મુસ્લિમ ભાઈની મદદ કરે છે, મુશ્કેલ પરિસ્થિતિમાં તેને સહકાર આપે છે અને તેના હૃદયમાં ખુશી પેદા કરે છે. આનાથી અમીર અને ગરીબ વચ્ચે અંતર ઓછું થાય છે અને તેમના વચ્ચે પ્રેમ વધે છે તેમજ સમાજમાં નફરત અને દ્વેષ જેવી બીમારીઓ ઘણી ઓછી થઈ જાય છે.

આ જ આદેશોમાં અનાથો અને વિધવાઓના ભરણ-પોષણના આદેશો પણ સામેલ છે. પિતાના અવસાન પછી અનાથનું ભરણ-પોષણ મુસ્લિમ સમાજ અને શાસક પર અનિવાર્ય છે. જ્યારે સમાજ આ અનાથનું ભરણ-પોષણ કરશે અને તેનું પૂરેપૂરું ધ્યાન રાખશે, તો એ અનાથ આ સમાજથી પ્રેમ કરશે અને તેની સલામતી માટે ન્યોછાવર થવા પણ તૈયાર રહેશે. એ જ પ્રમાણે જો વિધવાઓની સારી રીતે સાર-સંભાળ અને તેમનું ભરણ-પોષણ કરવામાં આવે, તો તેઓ પણ આ સમાજથી પ્રેમ કરશે અને એ લોકોનો આભાર માનશે, જેમણે તેમની મદદ કરી હશે અને તેઓ બૂરાઈથી દૂર રહેશે.

આ ઉપરાંત, બીજા ઘણા આદેશો છે, જેમ કે વક્ફ (ધર્માદા), કરજ અને 'આરિયા' (લોન) વગેરે. આ બધી વસ્તુઓ મુસ્લિમ સમાજના લોકો દરમ્યાન સહયોગને પ્રોત્સાહિત કરે છે; જેમ કે કોઈ વ્યક્તિ મસ્જિદ, શાળા કે હૉસ્પિટલ બનાવવા માટે વક્ફ કરે છે, અથવા તે પોતાના મુસ્લિમ ભાઈની મદદ માટે વક્ફ કરે છે, તો તે પોતાના સમાજ સાથે પ્રેમના આધારે આવું કરે છે. લોકો પણ તેનાથી પ્રેમ કરે છે અને ભલાઈના કામો માટે તેને યાદ રાખે છે. એ જ પ્રમાણે જો કોઈ વ્યક્તિએ પોતાના જરૂરતમંદ ભાઈને કરજ (લોન) આપીને મદદ કરી, તો તે તેનાથી દુનિયાની મુસીબતોમાંથી એક મુસીબત દૂર કરી દે છે. એ જ રીતે જો કોઈ વ્યક્તિ પોતાના જરૂરતમંદ ભાઈને કોઈ માલ-સામગ્રી ઉધાર આપે છે, પછી તે તેનાથી લાભ ઉઠાવ્યા પછી તેને તે પરત કરી દે છે, તો તે પોતાના અને પોતાના ભાઈઓ દરમ્યાન પ્રેમ, સહયોગ અને ત્યાગને પ્રોત્સાહન આપે છે.

www.uzairfalahi.com

સમાજની સલામતી અને તેની પવિત્રતા માટે શરીઅતનો પ્રબંધ :

ઈસ્લામે સમાજની સલામતી અને તેની પવિત્રતાની ખૂબ તાકીદ કરી છે અને આ વસ્તુ નીચે દર્શાવેલ સામૂહિક અને નૈતિક કાનૂનોથી પૂર્ણરૂપે સ્પષ્ટ થઈ જાય છે :–

મામલાઓ :

ઈસ્લામે વેપારને હલાલ કરેલ છે. તેના આદેશો, શરતો, મુખ્ય બાબતો, હલાલ (વૈધ) અને હરામ (અવૈધ)ને વિગતવાર વર્ણવેલ છે. જે વસ્તુની સમાજને જરૂર હતી અને જેમાં તેના માટે લાભ હતો તેને હલાલ કરી અને ઈસ્લામે બળજબરીથી અને ખોટી રીતે લોકોએ હડપ કરી લીધેલ ધન-સંપત્તિને હરામ કરી દીધી. એ જ પ્રમાણે વ્યાજને હરામ કરી દીધું, કેમ કે તેમાં અસંખ્ય નુકસાન અને જોખમ છે, તેનાથી લોકોમાં વેરભાવના પેદા થાય છે અને પરસ્પર સહયોગ સમાપ્ત થઈ જાય છે. તેનાથી સમાજમાં એક એવો વર્ગ અસ્તિત્વમાં આવે છે, જે કામ નથી કરતો, બલ્કે તેની ધન-સંપત્તિ બીજાઓના સહારે વધતી રહે છે.

ઈસ્લામે કામ કરવાને ઘણું પસંદ કર્યું છે અને એ તરફ ખૂબ ધ્યાન અપાવ્યું છે, કેમ કે તે દુનિયાના નિર્માણ અને ઉમ્મતની ખુશહાલીનું એક માધ્યમ છે. ઈસ્લામે જરૂરતમંદો માટે ‘કર્ઝે હસન’ (ઉમદા લોન) પર ખૂબ ભાર મૂક્યો છે. લખાણ અને સાક્ષી દ્વારા કરજની રક્ષા કરી છે. કરજદારને યથાસંભવ જલ્દી કરજ અદા કરવાની તાકીદ કરી છે. વચનને નિભાવવા અને કરારના પાલનનો આદેશ આપ્યો છે. એ જ રીતે ઈસ્લામે સાચી સાક્ષી આપવા અને સાક્ષી ન છુપાવવાને અનિવાર્ય ઠેરવ્યું છે. ઈસ્લામે જૂઠ, તોલ-માપમાં ધોકો આપવાને હરામ ઠેરવ્યું છે તથા ન્યાય અને ઈન્સાફનો આદેશ આપ્યો છે. આ બાબત તરફ ખાસ ધ્યાન દોર્યું છે અને તેને રાજ્યના મૂળ આધારોમાંથી એક આધાર બતાવેલ છે, કેમ કે તેનાથી લોકોને રાહત અને પોતાના અધિકારો અંગે બાંહેધરી મળે છે અને તેમનો વિશ્વાસ કેળવાય છે.

નિર્ધારિત સજાઓ અને કિસાસ (પ્રતિ-દંડ) :

ઈસ્લામે જમીનમાં બગાડ ફેલાવવા અને ઉપદ્રવ મચાવવાને હરામ ઠેરવેલ છે, જેમ કે રક્તપાત, ચોરી કરવી, બીજાની વસ્તુ પચાવી પાડવી કે છીનવી લેવી કે ગેરકાયદેસર કબજો કરી લેવો, ઈજ્જત-આબરૂ લૂટવી, શીલવાન મહિલાઓ પર આરોપ મૂકવો, ધાડ અને લૂટફાટ વગેરે. ઈસ્લામી સજાઓનો હેતુ બગાડ અને ઉપદ્રવને અટકાવવાનો અને સમાજની રક્ષા કરવાનો છે. તેથી ચોરીની સજા હાથ કાપવાની છે, વ્યભિચારી જો અપરણિત હોય તો તેના માટે એકસો કોરડા મારવાની સજા છે અને જો પરણિત હોય તો તેને સંગસાર (પથ્થરો મારીને મૃત્યુ-દંડ) કરી દેવામાં આવશે. જાણી-જોઈને, ઈરાદાપૂર્વકની હત્યાની સજા ‘કિસાસ’ છે, જેમાં હત્યારાને મારી નાખવાની સજા છે અને જો જેની હત્યા થઈ છે તેના ઘરવાળાઓ ‘દિયત’ (હત્યા-દંડ) પર રાજી થઈ જાય તો તે ‘દિયત’ ચૂકવ્યા પછી મુક્ત થઈ જશે.

www.uzaifalahi.com

સજાઓને સંપૂર્ણ તપાસ અને જાંચ પછી જ લાગુ કરવામાં આવે છે. તેનો ખરેખર નિયમ એ છે કે શંકાઓના આધારે સજા લાગુ કરવામાં આવતી નથી. ઈસ્લામ મુજબ કાઝી (ન્યાયાધીશ) આરોપીને સજા આપવામાં ભૂલ કરે તેની તુલનામાં તે માફ કરવામાં ભૂલ કરે એ વધારે સારું છે. સજાને લાગુ કરવાની જવાબદારી મુસલમાન શાસકની છે, અથવા એ વ્યક્તિ સજા લાગુ કરી શકે છે જે શાસકનો નાયબ કે પ્રતિનિધિ હોય. લોકોને સ્વતઃ સજા લાગુ કરવાનો કોઈ અધિકાર નથી. જો કોઈએ પોતાના તરફથી સ્વયં સજા લાગુ કરી, તો એ સજા લાગુ કરનારને કાનૂન અને નિયમ અનુસાર સજા આપવામાં આવશે, કેમ કે તેણે શાસકના હક્કને છીનવ્યો છે. તેનાથી દેશમાં અરાજકતાનું પ્રચલન વધશે. ફોજદારી સજા આપવાનો અધિકાર માત્ર શાસકને હોય છે.

સજાઓનું અમલીકરણ ખુલ્લા મેદાનમાં કરવાનું હોય છે, જેથી લોકો તેનાથી બોધપાઠ લે અને એવા લોકો જેઓ આ પ્રકારના ગુનાઓ કરવા અંગે વિચારી રહ્યા હોય આ દૃશ્ય જોઈને ધ્રુજી જાય. આપણા માટે રસૂલુલ્લાહ ﷺ ના જીવનમાં અનુકરણીય નમૂનો અને શિખામણ છે. આપ ﷺ ના જીવનમાં કેવળ છ વાર સજાઓ લાગુ કરવામાં આવી, કેમ કે લોકોનાં હૃદયો ઈસ્લામી શિક્ષણ અને તેના નૈતિક મૂલ્યોથી છલોછલ હતા.

સામૂહિક શિષ્ટાચાર :

ઈસ્લામે અસંખ્ય શિષ્ટાચાર શીખવાડ્યા છે, જે મુસ્લિમ સમાજની મૂળભૂત સલામતી માટે જરૂરી છે. આ શિષ્ટાચાર સમાજમાં મેળ-મેળાપ અને સહયોગને ફેલાવે છે, જેમ કે સલામને પ્રોત્સાહન આપવું, સદ્‌વ્યવહાર, માતા-પિતાની સાથે ભલો વ્યવહાર, ભાઈચારો, પરસ્પર મુલાકાત, લોકો વચ્ચે સુલેહ કરાવવી, વિનમ્રતા અને મુસલમાનોને નિરંતર શિખામણ આપતા રહેવું વગેરે.

ઈસ્લામે એ વસ્તુઓને હરામ (અવૈધ) કરી છે, જે સમાજમાં અરાજકતા અને કલેહ, નફરત અને વેરભાવના તેમજ નૈતિક પતનનું કારણ બને છે, જેમ કે નિંદા, ચાડી કરવી કે ચુગલખોરી, સંબંધો તોડવા, માતા-પિતાની અવજ્ઞા, બીજાઓ પર અતિરેક કરવો, ધોકો આપવો, છેતરપિંડી કરવી, જૂઠ બોલવું, અપ્રમાણિતા આચરવી તેમજ જૂઠી સાક્ષી આપવી વગેરે.

www.uzairfalahi.com